જાવક નં. : બ-૨/૧૯૨૭/એટ્રો/અમલવારી/૨૦૬૮/૦૬
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ
અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,
પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર
તા.૨૫/૭/૦૬

**વિષય : અનુસૂચિત જાતી/ અનુસૂચિત આદિજાતી (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ હેઠળના નિયમ-૭(૧) મુજબ તપાસનીશ અધિકારીની નિમણુંક બાબત.**

**પરિપત્ર :**

અનુસૂચિત જાતી/ અનુસૂચિત આદિજાતી (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ ના નિયમ-૭(૧) માં જણાવેલ છે કે, ''આ અધિનિયમ હેઠળ થયેલ ગુનાની તપાસ નાયબ પોલીસ અધિક્ષકથી ઉતરતા દરજ્જાના ના હોય તેવા પોલીસ અધિકારીએ જ કરવી જોઈશે. રાજ્ય સરકાર/ડીરેકટર જનરલ ઓફ પોલીસ/ પોલીસ અધિક્ષકે તપાસ અધિકારીની, તેના અગાઉના અનુભવને કાર્યશક્તિની બાબતે, કેસના પક્ષકારોને ન્યાય મળે અને શક્ય તેટલા ઓછા સમયમાં સાચી રીતે તપાસ કરવાને ધ્યાનમાં લીધા પછી, નિમણુંક કરવી જોઈશે.''

આથી હું પી.સી.પાંન્ડે, પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુ.રા, ગાંધીનગર, અનુસૂચિત જાતી/ અનુસૂચિત આદિજાતી (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ હેઠળના નિયમ-૭(૧) મુજબ મારી સત્તાની રૂએ ગુજરાત રાજ્યના શહેર/જીલ્લામાં એટ્રોસીટી એકટ હેઠળ જયારે કોઈપણ ગુનો નોંધાય ત્યારે, રાજ્યના તમામ શહેર/જીલ્લામાં (પ.રેલ્વે વડોદરા સહિત) ફરજ બજાવતા તમામ નાયબ પોલીસ અધિક્ષક/ મદદનીશ પોલીસ કમિશ્નર કક્ષાના અધિકારીને આવા ગુનાની તપાસ કરવા સારૂ સક્ષમ ગણી નિમણુંક આપુ છું.

(પી.સી.પાંન્ડે) ૨૫/૭/૦૬
પોલીસ મહાનિર્દેશક અને,
મુખ્ય પોલીસ અધિકારી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ,
- તમામ રેન્જ ઇન્ચાર્જશ્રીઓ,
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ, (પ.રેલ્વે વડોદરા સહિત)

/- આપના તાબાના તમામ નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ/ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને જાણ તથા અમલવારી કરાવવા સારૂ..